# ગુજરાત વર્નાક્યુલર સોસાયટીઃ એક સાંસ્કૃતિક વારસાની ધરોહર

ડૉ. વંદનાબેન મૌર્ય
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ
એલ ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

અમદાવાદ શહેરને દેશનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. ભારતમાં પહેલુ શહેર છે જેને યુનેસ્કો દ્વારા ૨૦૧૭માં વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. યુનેસ્કોની કમિટીએ અમદાવાદ શહેરની પસંદગી કરતાં પહેલા તેના જ વર્ષ જૂનો અને સળંગ ઈતિહાસને, તેના મધ્યકાલિક ગૌરવપૂર્ણ વેપાર અને વાણિજ્યને, તેના અનેકવિધ હસ્તઉદ્યોગોને. તેના નગર શ્રેષ્ઠીઓની ઉદારતા અને દાનવીરતાની પરંપરાને, તેના વૈવિધ્યપૂર્ણ સર્જનાત્મક સ્મારકોને, તેમજ અદ્‌ભૂત આકર્ષક સ્થાપત્ય કલાને લક્ષમાં લીધા જ હશે. અમદાવાદનો સર્વાંગી વિકાસ કરવામાં અનેક શાસકો, રાજકર્તાઓ, મહાનુભાવો, સમાજસુધારકો, શ્રેષ્ઠિઓ અને સંસ્થાઓનો ફાળો રહેલો છે.

કોઈપણ રાષ્ટ્ર કે સમાજના ઘડતરમાં કોઈ એક વ્યક્તિ માત્રનું પ્રદાન પ્રાપ્ય હોતુ નથી તેમની સાથે સાથે કેટલીક સંસ્થાઓ પણ આ ક્ષેત્ર યથોચિત પ્રદાન આપતી જણાય છે. હું આ સંશોધનલેખમાં અમદાવાદની એવી જ એક સંસ્થાએ અમદાવાદના સાંસ્કૃતિક વારસામાં કઈ રીતે પ્રદાન કર્યું છે તેની વિસ્તૃત ચર્ચા કરવા માગું છું જે સંસ્થા અમદાવાદમાં ઈ.સ. ૧૮૪૮ માં સ્થપાયેલી તેનું નામ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, આ સંસ્થા ગુજરાતની અદ્યસંસ્થા હતી. આ સોસાયટીની સ્થાપના ક્યા સંજોગોમાં થઈ હતી. તેના આદર્શો ક્યાં હતા? તેના સ્થાપકો કોણ હતા? આ સંસ્થાએ અમદાવાદના સાંસ્કૃતિક વારસામાં કઈ રીતે પ્રદાન કર્યું છે.તેની તેજી થતાં કુવામાં આવે છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી નામની તેજસ્વી સંસ્થા અમદાવાદ નગરમાં ઈ.સ. ૧૮૪૮માં શરુ થઈ હતી અને આઝાદીના આગલા વર્ષે, એટલેકે ઈ.સ. ૧૯૪૬માં તેણે નવું નામ ધારણ કર્યું હતું ગુજરાત વિદ્યાસભા. આજે પણ આ સંસ્થા કાર્યરત છે અને તેણે ઈતિહાસ સાથેનો નાતો ઉજજવળ રીતે જાળવી રાખ્યો છે અને વધાર્યો છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ભારતના સાંસ્થાનિક યુગ દરમ્યાન ઈ.સ. ૧૯૪૮ માં થઈ હતી. આ સંસ્થા અમદાવાદ જેવા વ્યાપારી, ઔદ્યોગિક, સાંસ્કૃતિક નગરમાં થઈ હતી. વાસ્તવમાં કોઈપણ સંસ્થા એકાએક શરૂ થઈ જતી નથી. સંસ્થાની સ્થાપના પાછળ અનેક ઐતિહાસિક અને સામાજિક પરિબળો કામ કરતા હોય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના સમયે ગુજરાતમાં પ્રવર્તતી પરિસ્થિતિ વિશે ચર્ચા કરીશ.

ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના થઈ તે પહેલાં સામાજિક દૃષ્ટિએ ભારતમાં બાળલગ્નો, વહેમ, અંધશ્રધ્ધા, જ્ઞાતિપ્રથા, વિધવા ઉપરના અંકુશો અને ધર્મગુરુઓના આડંબરો જેવા અનેક સામાજિક અનિષ્ટો પ્રવર્તતા હતા અને સ્ત્રીઓ પરાધીન દશામાં હતી. મોટાભાગની પ્રજા નિરક્ષર હતી અને કન્યા-કેળવણીનું પ્રમાણ નહિવતુ હતું. બ્રિટિશ શાસકોને હિંદમાં નવી પ્રગતિશીલ વિચારસરણી તેમજ રેલ્વે, ટેલિગ્રામ અને પ્રિન્ટિંગ પ્રેસ જેવા ભૌતિક સાધનો-વિકસાવીને ભારતનું રૂપાંતર મધ્યયુગમાંથી આધુનિકયુગમાં જરૂર કર્યું હતું.

## ૨. બ્રિટિશ શાસન અને સામાજિક પરિવર્તન

ડૉ. એ. આર. દેસાઈ અને રામમનોહર લોહિયા જેવા વિદ્વાનોએ લખ્યું છે કે "પ્રાચીન કાળમાં શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક દૃષ્ટિએ ભારત દેશ મહાન હતો. સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લેતી તેમની સામાજિક દરજ્જો ઊંચો હતો, પણ કાળક્રમે (મુસ્લિમોના આક્રમણો બાદ) ભારતમાં જ્ઞાતિ સંસ્થા પાંગરી અને મુઘલયુગ સુધીમાં તો સતીપ્રથા અને દૂધપિતીના રિવાજ જેવા સામાજિક અનિષ્ટો શરૂ થઈ ગયા હતા. ત્યારબાદ ભારતમાં રાજકીય આતંરિક સંઘર્ષો થયા અને છેવટ ૧૮૫૦ સુધીના તો ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાનું શાસન આપી દીધુ.

૧૯મી સદી દરમિયાન ભારતમાં રાજકીય અને વહીવટી પધ્ધતિમાં મહાન પરિવર્તન થયું હતુ. કાયદો અને ન્યાયમાં પણ ધરખમ ફેરફારો થયા. તેમજ બ્રિટિશ શાસન દરમ્યાન ભારતમાં નવી શૈક્ષણિક પધ્ધતિ શરૂ થઈ. કોઈપણ દેશની પ્રગતિ માટે જો કોઈ ક્રાંતિકારી સાધન હોય તો તેની શિક્ષણ વ્યવસ્થા છે. સાચુ અને ઉત્તમ શિક્ષણ સમાજને નૈતિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક પ્રગતિને પંથે દોરે છે. સમાજનું તેના દ્વારા કલ્યાણ થાય છે. આર્થિક ઉન્નતિનું હાર પણ સિયંત્ર છે. બ્રિટિશ શાસનની શૈક્ષણિક પદ્ધતિને પરિણામે જ ગુજરાતમાં મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, કવિ નર્મદ, કવિ દલપતરામ, દુર્ગારામ મહેતા, હરગોવિંદદાસ કાંટાવાલા, રમણભાઈ નીલકંઠ, વિદ્યાબેન નીલકંઠ અને શારદાબેન મહેતા જેવા અનેક મહાન સમાજસુધારકો ઉત્પન્ન થયા હતા. તેમણે જૂનવાણી વિચારો સામે ચલાવેલી ઝુંબેશને પરિણામે જ સમાજપરિવર્તનનો નવા માર્ગ ખૂલ્યો હતો. મુંબઈની બુદ્દિધવર્ધક સભા, સુરતમાં દુર્ગારામ મહેતાજીએ સ્થાપેલી માનવધર્મ સભા વડોદરામાં સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલી કલાભવન અને અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સૌસાયટી તથા ગુજરાત કૉલેજ જેવી સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં નવી જ સામાજિક જાગૃતિ આવી હતી.

આ સમયમાં પ્રાથમિક અને ઉચ્ચશિક્ષણ માટે પ્રયાસો કરવામાં આવ્યા જેને પરિણમે અમદાવાદમાં ઉચ્ચ શિક્ષણ માટેની પ્રથમ સંસ્થા ગુજરાત પ્રોવિન્સ, કોલેજ ૧૮૬૧માં શરૂ થઈ હતી. ૧૮૫૭માં અસ્તિત્વમાં આવેલ મુંબઈ યુનિવર્સિટી સાથે એનું જોડાણ કરાયું હતું. આ ઉપરાંત વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, જુનાગઢ વગેરે સ્થળોએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટેની વ્યવસ્થા શરૂ કરવામાં આવી. ૧૮૫૦માં અમદાવાદના કરોડપતિ વેપારી હઠીસિંગની વિધવા હરકુંવર શેઠીએ તથા ૧૮૫૫માં મગનલાલ કરમચંદ નામના ધનિક વેપારીએ કન્યાશાળાઓ શરૂ કરી હતી. કન્યા કેળવણીની શરૂઆત થઈ. અને માટેભાગે ઉચ્ચશિક્ષણની શરૂઆતમાં પારસીઓને તથા ઉચ્ચ જ્ઞાતિના હિન્દુઓએ ભાગ લીધો હતો.

વિદ્યાબહેન નીલકંઠ અને એમના નાના બહેન શારદાબહેન ગુજરાતના સૌપ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ હતા. (૧૯૦૧) બ્રિટિશ શાસનની શિક્ષણ નીતિને લીધે ગુજરાત-અમદાવાદમાં બૌદ્દિધક સુધારકોનો વર્ગ ઊભો થયો હતો. દા.ત. સુરતમાં દુર્ગારામ મહેતાજી અને કવિ નર્મદ, સૌરાષ્ટ્રના મણિશંકર કીકાણી અને અમદાવાદના મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ અને લાલશંકર ઉમિયાશંકર જેવા સુધારકો થઈ ગયા જેમણે વિવિધ સંસ્થાઓ સમાજ પરિવર્તન માટેની ઝુંબેશ શરૂ કરી હતી. પશ્ચિમની કેળવણીને લીધે સમાજમાં પ્રવર્તતા અનેક દૂષણો દૂર કરવા ઘણા યુવાનો આવ્યા. વાહનવ્યવહારની સરળતા થતાં તેમજ વિવિધ પ્રજાના સંપર્કમાં આવતા એમનામાં સમાજને જોવાની નવી દિષ્ટ આવી, સમાજસુધારાની ચેતના પ્રગટી, પશ્ચિમની સંસ્કૃતિએ ગુજરાત-અમદાવાદમાં સુધારાની જ્યોત પ્રગટાવી.

## ૩. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના, ૧૮૪૮

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ૨૬ ડિસેમ્બર ૧૮૪૮ના રોજ થઈ હતી. ઈ.સ.૧૯૪૬ બાદ આ સંસ્થા "ગુજરાત વિદ્યાસભા"ના ગૌરવશાળી નામથી ઓળખાય છે. આજે પણ આ સંસ્થા કાર્યરત છે. ગુજરાત વર્નાક્યુલર

સોસાયટીની સ્થાપના થઈ તે પહેલી ગુજરાતમાં અનેક સામાજિક અનિષ્ટો પ્રવર્તમા હતા. હેમ, અંધશ્રદ્ધા, સતીપ્રથા, બાળલગ્ન અને દૂધપિતિનો રિવાજ જેવા કુરિવાજો પ્રવર્તતા હતા. નિરક્ષરતા સર્વત્ર વ્યાપક હતી. તેની સામે સંઘર્ષ કરવા સોસાયટીની સ્થાપના થઈ. હતા. ઈ.સ. ૧૯૫૪માં બ્રિટિશ શાસનની સ્થાપના બાદ આધુનિક દિશા તરફ સમાજ પરિવર્તન થયું. અને સમાજ સુધારકોનો એક નવો વર્ગ ઉભો થયો. પરિણામે ઈ.સ.૧૯૪૯માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરનાર એ. કે. ફાર્બ્સ, જયોર્જ ફૂલજેમ્સ અને ટી.બી. કર્ટીસ જેવા બ્રિટિશ અધિકારીઓ, રાવબહાદુર મગનભાઈ કરમચંદ, પ્રેમાભાઈ હીમાબાઈ અને હરકુંવર જેવા ધનિકો તથા કવિ દલપતરામ, મહીપતરામ રૂપરામ અને ભોળાનાથ સારાભાઈ જેવા મધ્યમવર્ગી બૌદ્દિકો હતા. આ સોસાયટીના સ્થાપકો વિચારશીલ અને ધ્યેયનિષ્ઠ હતા.

### ૪. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના હેતુઓ

૧. ગુજરાતી ભાષા સાહિત્યનો વિકાસ કરવો, અને વિદ્વાનો પાસે ભાષા અને સાહિત્યના નવા ગ્રંથો તૈયાર કરાવવા.
૨. સામાજિક અનિષ્ટો સામે વ્યસ્થિત ઝુંબેશ શરૂ કરીને અમદાવાદની ગુજરાતની પ્રજાને જાગૃત કરવી. પ્રગતિશીલ આચાર-વિચારોનો ફેલાવો કરવો.
૩. શિક્ષણને ઉત્તેજન આપવું, છોકરાઓ અને છોકરીઓના શિક્ષણને ઉત્તેજન આપવા માટે શાળાઓ શરુ કરવી.

આ હેતુઓ સિદ્ધ કરવા માટે આ સંસ્થાએ ઈ.સ. ૧૮૪૯માં એક સાપ્તાહિક શરૂ કર્યું. તે દર બુધવારે પ્રગટ થતું હોવાથી આ ચોપાનિયું પ્રલમાં "બુધવારિયુ" તરીકે ઓળખાતું.

### ૫. ગુજરાત વિદ્યાસભાના સંસ્થાપકો

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સદ્ભાગ્યે તેની શરૂઆત (૧૮૪૮)થી આજદિન સુધી ઉચ્ચ કોટીના સંસ્થાપકો મળતા રહ્યા છે. અમદાવાદની સૌથી મોટી વિશેષતા એ છે કે તેણે એક સાંસ્કૃતિક વારસા તરીકે કેટલીક જૂની પરંપરાઓને જાળવી રાખીને પરિવર્તન કર્યું. ગુજરાત વિદ્યાસભાને આ વાત ખાસ લાગુ પડે છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી વિશે વિચાર કરનાર નામ અંગ્રેજ અમલદાર અને પાન એ. કે. ફાર્બ્સ હતાં. જેમને દલપતરામે "ફાર્બસ સાહેબ"ના હુલામણા નામથી લોકપ્રિય બનાવ્યા છે. અહીં કેટલાંક નમૂનારૂપ ઘડવૈયાઓની ચર્ચા કરાઈ છે.

### ૬. ગુજરાત વર્નાક્યુલર સૌસાયટીની પ્રવૃત્તિઓ

ગુજરાત વર્નાક્યુલર સૌસાયટીએ ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ કરવા તેમજ સમાજસુધારાનું આંદોલન કરવાના હેતુથી બે મુખ્ય કાર્યો કર્યાં. તેણે ૧૮૪૯માં "વર્તમાન પત્ર" નામનું સાપ્તાહિક શરૂ કર્યું જે દર બુધવારે પ્રગટ થતું હોવાથી બુધવારિયા તરીકે ઓળખાતું, ત્યારબાદ સોસાયટીને ૧૮૫૮મો "બુદ્ધિપ્રકાશ" નામનું માસિક પ્રગટ કરવું શરૂ કર્યું, જે આજદિન સુધી એક પ્રતિષ્ઠિત માસિક તરીકે ચાલું રહ્યું છે.

સપ્ટેમ્બર ૧૮૫૪ થી શરૂ થયેલું "બુદ્દિપ્રકાશ" માસિક નો સમાજસુધારના આંદોલનની ધોરી નસ સમાન હતું. તેની એક ખાસ વિશેષતા એ હતી કે ગુજરાતનાં "સુધારાના કવિ' તરીકે પ્રતિષ્ઠિત થયેલા દપતરામ અવારનવાર તેમાં લેખો, કવિતાઓ, વાર્તાઓ, નાટકો અને ટુચકાઓ લખતી, "ભૂત નિબંધ" અને "જ્ઞાતિ નિબંધ" જેવી તેમની કૃતિઓ એવી તો લોકભોગ્ય અને અસરકારક હતી કે જે આજેપણ ઉપયોગમાં નવી શકે તેમ છે. ૧૮૫૮ થી શરુ કરીને ૧૮૯૮માં તેમના અવસાન સુધી બુધ્ધિપ્રકાશમાં લખતા જ રહ્યા. તેમના મિત્ર એ. કે. કાર્બ્સનું ૧૮૬૫મા જ્યારે અવસાન થયું ત્યારે દલપતરામે 'ફારબસવિરહ' નામની કાવ્યશ્રેણી બુદ્ધિપ્રકાશનમાં પ્રસિદ્દ્ધ કરીને આ અંગ્રેજ અમલદારની અનેકવિધિ સિધ્ધિઓને બિરદાવી હતી. આ આજે પણ ગુજરાતી કાવ્ય સાહિત્યનો ઉત્તમ નમૂનો ગણાય છે.

બુદ્ધિપ્રકાશમાં નિરક્ષરતા, અજ્ઞાન,વ્હેમ, અંધશ્રદ્ધા, બાળલગ્ન, સ્ત્રી અને વિધવાઓ ઉપરના અત્યાચારો, ધાગાદોરો, ધર્મગુરુઓના આડંબરો અને દહેજપ્રથા જેવા વિષયો ઉપર લેખો તો પ્રસિદ્ધ થતા પરંતુ તેની સાથે સાથે કોમી એખલાસની ભાવનાને બિરદાવતા કેટલાય લેખો પ્રસિદ્ધ થતા. વળી, અસ્પૃશ્યતાની ભારે હિમાયત કરતા લેખો પણ તેમાં પ્રસિદ્ધ થતાં વેપારીઓને ઉપયોગમાં આવી શકે તેવા દેશ વિદેશના જરૂરિયાત અંગે તો લગભગ દરેક અંકમાં લેખો પ્રસિદ્ધ થતાં. ઈંગ્લેન્ડ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની અને જાપાન જેવા દેશો અંગે પણ માહિતીપૂર્ણ લેખો પ્રસિદ્ધ થતા.

બુદ્ધિપ્રકાશના તે સમયના લેખો ધ્યાનપૂર્વક જોવાથી જ સાચો ખ્યાલ આવી શકે કે આર્થિક બાબતની દૃષ્ટિએ તે હિંદના દાદા અને ઈંગ્લેન્ડની પાર્લામેન્ટના સભ્ય દાદાભાઈ નવરોજીની "આર્થિક રાષ્ટ્રવાદ'"ની વિચારસરણીને વૈરલુ હતું. જૂના હુન્નર ઉદ્યોગોને સજીવન કરવાની સાથે ટેક્ષટાઈલ અને કેમિકલ જેવા આધુનિક ટેકનોલોજીને આધારે ચાલતા ઉદ્યોગો ઝડપથી શરૂ થાય તેવી ભાવના આ સામાયિક સતત વ્યક્ત કરતું હતું. ગુજરાતના પ્રખર સમાજસુધારક અને સાહિત્યકાર હરગોવિંદદાસ કાંટાવાળા તેમજ ગાંધીજી પહેલાંના ગુજરાતના મહાન રાજકીય નેતા તથા સમાજસુધારક અંબાલાલ સાકરલાલ દેસાઈએ "સ્વદેશ ઉદ્યોગવર્ધક મંડળી' નામની સંસ્થા અમદાવાદમાં શરૂ કરી હતી. જેની શાખાઓ રાજકોટ, ભાવનગર, સુરત અને વડોદરા જેવા નગરોમાં જ નહિ પણ ચીખલી, બિલીમોરા, પેટલાદ, નડિયાદ અને કપડવંજ જેવા ગામોમાં પણ થઈ હતી. આ રીતે ઘણા હુન્નરોને ઉત્તેજમ મળ્યું હતું.

## ૭. ગુજરાતી ભાષા દ્વારા બૌદ્ધિક અને સામાજિક વિકાસ

એ વાત નિર્વિવાદ છે કે આજના વૈશ્વિકરણના યુગમાં અંગ્રેજી ભાષાના ઓછામાં ઓછા કામચલાઉ જ્ઞાન વગર ચાલવાનું નથી. અંગ્રેજી ભાષા હવે માત્ર અંગ્રેજોની રહી નથી; તે વૈશ્વિક જ્ઞાન અને આદાન-પ્રદાન માટેની આંતરરાષ્ટ્રીય ભાષા છે અને તે કારણથી જ આજે ચીન અને જાપાન જેવા દેશોમાં પણ તે શીખવવામાં આવે છે. આપણો દેશ પણ અંગ્રેજી ભાષાનું મહત્ત્વ સમજીને શાળા-કૉલેજોમાં એક યા બીજા સ્વરૂપમાં તેનું શિક્ષણ આપે છે. આમ છતાં પણ પોતાની માતા અને માતૃભાષા પણ આત્મગૌરવના પ્રતીકરૂપ છે. જો માતૃભાષા ગઈ તો તેની સાથે સંસ્કારો પણ ભૂંસાઈ જાય છે. આવા કારણોસર જ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ માતૃભાષા દ્વારા શિક્ષણનો આદર્શ રાખ્યો હતો. ૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકા છોડીને ભારતમાં આવ્યા અને અમદાવાદમાં સ્થાયી થયા ત્યારે તેઓ બીજે જ વર્ષે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય બન્યા હતા. "માતૃભાષા દ્વારા શિક્ષણ' વિષયક સોસાયટીએ શરૂ કરેલી પરંપરાનું મહત્ત્વ સ્વીકારીને ગાંધીજીએ તેને આગળ વધારી હતી.

## ૮. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને સામાજિક પ્રવૃત્તિ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કવિ દલપતરામના "ધીમે ધીમે સુધારાનો સાર" સિદ્ધાંતમાં દ્રઢ શ્રદ્ધા ધરાવતી હતી. સોસાયટીના સેક્રેટરી તરીકે દલપતરામ ગુજરાત અને મુંબઈના શેઠિયાઓનો સંપર્ક રાખતા અને તેની સાથે સાથે સામાન્ય લોકો સાથે ઘરોબો ધરાવતા. આવા કારણોસર શ્રીમંતો સોસાયટીને દાન આપતા. દા.ત.૧૮૫૦માં હરકુંવર નામના જૈન વિધવાએ અમદાવાદમાં છોકરીઓ માટે શાળા સ્થાપી હતી અને ત્યારબાદ સી વકૃત્વ સ્પર્ધા માટે પણ ઈનામ માટેની યોજનાને અમલી બનાવી હતી. આજે ગુજરાતમાં પ્રતિષ્ઠિત ગણાતી "સિવિલ હોસ્પિટલ"ની સ્થાપના પણ હરકુંવર શેઠાણી, નગરશેઠ હીમાભાઈ વખતચંદ અને તેમના પુત્ર પ્રેમાભાઈ હીમાભાઈએ ૧૮૫૬માં કરી હતી. મહીપતરામ રૂપરામ અને લાલશંકર ઉમિયાશંકર જેવા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના નેતાઓ પશ્ચિમના "વિકાસના સિદ્ધાંત"માં દૃઢ શ્રદ્ધા ધરાવતા. રેશનલ અને સેક્યુલર મૂલ્યોને આધારે તેમણે હિંદુ અને મુસ્લિમ કોમ વચ્ચે એખલાસની ભાવના પ્રગટાવી હતી. ૧૮૮૪માં અમદાવાદમાં રાયખડ વિસ્તારમાં સ્થપાયેલ "અંજામને ઈસ્લામ" નામની મુસ્લિમ સંસ્થાના ઓનરરી સેક્રેટરી તરીકે મહીપતરામે વર્ષો સુધી કામ કર્યું હતું અને ૧૮૯૧માં તેમના અવસાન બાદ લાલશંકર ઉમિયાશંકર અંજુમનના સેક્રેટરી તરીકે નીમાયા હતા. ૧૯૧૨માં લાલશંકર ઉમિયાશંકરના અવસાન બાદ

મહીપતરામના પુત્ર અને પ્રખર સમાજસુધારક તથા સાહિત્યકાર રમણભાઈ નીલકંઠે તેના સેક્રેટરી તરીકે જવાબદારી સંભાળી હતી.

રણછોડલાલ છોટાલાલ સમગ્ર ગુજરાતના મીલ ઉદ્યોગના પિતા હતા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય અને તેના હતા. તેમણે ૧૮૮૯માં સીઓ માટે અમદાવાદના કાળુપુર રેલ્વે સ્ટેશનની સામે "વિક્ટોરિયા જ્યુબિલિ હોસ્પિટલ ફોર વિમેન' નામની હોસ્પિટલ બંધાવી તેમાં સ્ત્રીઓની મફત સારવાર કરવામાં આવતી.

## ૯. ગુજરાત વિદ્યાસભાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ આધુનિક શિક્ષણ પર તો ખૂબ ભાર મૂક્યો હતો, સાથે સાથે સ્ત્રી શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો હતો. ગુજરાત વિદ્યાસભાએ અમદાવાદ અને ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો પાયો નાખ્યો હતો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રભાવ હેઠળ પ્રખ્યાત વેપારી હઠીસીંગ કેસરીસીંગના વિધવા હરકુંવર ૧૮૫૦ સૌપ્રથમ કન્યાશાળા સ્થાપી હતી. ૧૮૫૦ની આસપાસ ગુજરાતમાં ઘણું થોડા પ્રમાણમાં શિક્ષણ પ્રવર્તતુ હતું. માત્ર જૂજ સંખ્યામાં બ્રાહ્મણ અને વાણિયા જેવી ઉચ્ચજ્ઞાતિઓ પૂરતું શિક્ષણ મર્યાદિત હતું. લુહાર, સુથાર, દરજી, કુંભાર જેવી જ્ઞાતિઓના બાળકો અશિક્ષિત હતા. આવા કપરા સંજોગોમાં જો કોઈએ શૈક્ષણિક વિકાસ કર્યો હોય તો તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કર્યો હતો. શ્રેષ્ઠીઓની દાનપ્રવૃત્તિ દ્વારા અમદાવાદમાં શાળા, મહાશાળાઓ, પુસ્તકાલયોનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો ગયો. અમદાવાદમાં. ૧૮૭૪માં મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજ શરૂ હતી. ગુજરાતભરમાંથી શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરવા મોટા સંખ્યામાં સ્ત્રીઓ આ સંસ્થામાં ઉમટતી આ સોસાયટીની મદદથી અમદાવાદમાં પ્રાણશંકર લલ્લુભાઈ નામના સમાજસુધારકે અમદાવાદમાં ૧૯૦૯માં 'બહેરામુંગા' શાળા સ્થાપી હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૫૦ થી અનેક શૈક્ષણિક સંસ્થાઓ, પુસ્તકાલયોની સ્થાપના કરી હતી. ૧૮૪૯માં અમદાવાદમાં નેટિવ લાઈબ્રેરીની સ્થાપના કરી હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું એ હતું કે ૧૯૧૨ બાદ ઉત્તમ સાક્ષરો તરીકે પંકાયેલા સર્જકો, સામાજિક કાર્યકરો અને દીર્ઘદષ્ટિવાળા દેશહિતચિંતકો પ્રમુખ તરીકે પ્રાપ્ત થયા. ઈ.સ.૧૯૩૮ પછી આ સોસાયટીનું સુકાન એક પ્રતિભાસંપન્ન સર્જક, વિવેચક, પુરાતત્ત્વવિદ્ એવા શ્રી રસિકલાલ છોટાલાલ પરીખે સંભાળ્યુ. ત્યારબાદ આનંદશંકર ધ્રુવનું અવસાન ૧૯૪૨ થતા ગણેશ વાસુદેવ માવલંકરની વરણી ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ તરીકે થઈ હતી. તે દરમ્યાન ૧૯૪૪-૪૫ના વર્ષમાં સોસાયટીએ ગુજરાત યુનિવર્સિટી સ્થપાય તે માટે ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળની સ્થાપના કરી હતી. ખરૂં જોતા તો ગુજરાત યુનિવર્સિટી માટેના વિચારબીજ હીરાલાલ પારેખે રોપ્યા હતા. દાદા સાહેબ આ દિશામાં સક્રિયપણે ભાગ ભજવતા ૧૯૪૯માં ગુજરાત યુનિવર્સિટી સ્થાપના થઈ હતી.

૧૯૪૫-૪૬ના વર્ષ દરમિયાન ગુજરાત વિદ્યાસભાને વિદ્યાભવનરૂપે વિકસાવવા માટે ભોળાનાથ જેસિંગભાઈ નામના દાનેશ્વરીએ મોટું દાન આપ્યું હતું. તેને પરિણામે ૧૯૪૬-૪૭ના વર્ષમાં "ભોળાનાથ જેસિંગભાઈ વિદ્યાભવન"ની સ્થાપના થઈ હતી. આ વિદ્યાભવનમાં સંશોધન પ્રવૃત્તિઓ આજ સુધી સતત વિકસતી રહી છે. ત્યારબાદ અનેક નવા વિષયો, અભ્યાસક્રમો અહીં શરૂ કરવામાં આવ્યા. આજે તો આ સંસ્થા વટવૃક્ષની જેમ ખીલી ઊઠી છે. બ્રહ્મચારી વાડી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના એક અવિભાજ્ય ભાગ તરીકે અસ્તિત્ત્વ ધરાવે છે અને તે અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે છે. બ્રહ્મચોરીવાડી ૧૮૯૨માં સ્થપાઈ હતી. ત્યારથી શરૂ કરીને આજદિન સુધી તેનો વહીવટ ટ્રસ્ટીમંડળ કરે છે. આ વાડીમાં એક સંસ્કૃત લાઈબ્રેરી શરૂ કરાઈ. જેમાં હિંદુ ધર્મ, તત્ત્વજ્ઞાન તથા વિદ્યા વગેરેના ગ્રંથો રાખવામાં આવ્યા હતા. જે આદિન સુધી સંશોધકો માટે ઉપયોગી થયા છે. તેમાં હસ્તલિખિત ગ્રંથોનો પણ સમાવેશ થાય છે. સંસ્કૃત પાઠશાળા પણ ચાલે છે. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના ૧૯૩૫ માં થયેલ આ સંસ્થા ભારતના તેજસ્વી ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અને તેજસ્વી કેળવણીકાર આનંદશંકર ધ્રુવ અને મહાન રાષ્ટ્રવાદી નેતા દાદા

સાહેબ માવલંકરનો સંપૂર્ણ સાથ અને સહકાર હતો. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી આજે વિશાળ વટવૃક્ષની જેમ પ્રસરી છે. અને ગુજરાતમાં તેના વડપણ હેઠળ અનેક લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. ઉદા. તરીકે એલ. ડી. આર્ટ્સ કોલેજ અને એચ. એલ. કોમર્સ કૉલેજ. ૧૯૫૫માં શ્રી રામાનંદ મહાવિદ્યાલયની સ્થાપના થઈ હતી. ત્યારબાદ શ્રી હરિવલ્લભ કાળીદાસ ટ્રસ્ટ તરફથી તેને દાન મળતા કોલેજનું નામ “શ્રી હરિવલ્લભદાસે કાળીદાસ આર્ટ્સ કૉલેજ" રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી હરિવલ્લભદાસ કાળીદાસ કોમર્સ કૉલેજ (૧૯૬૮)માં સ્થાપના થઈ. આજે આ બંને કૉલેજો સંસ્થાઓના અસલી મૂળિયા ૧૮૪૮માં સ્થપાયેલ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં રહેલા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એક તેજસ્વી-સંસ્થા મોટાગજાના શૈક્ષણિક અને સામાજિક પરિવર્તન કરી શકે છે.

### ૧૦. મહાત્મા ગાંધી અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના સામાજિક ન્યાય અને નાગરિક અધિકારો માટેની લડત લડીને મહાત્મા ગાંધી ૧૯૧૫માં સ્વદેશ પાછા ફર્યા અને તેમણે આજ અમદાવાદ નગરને તેમની કર્મભૂમિ તરીકે પસંદ કર્યું. ગાંધીજીએ મધ્યમવર્ગી શૈલીને પડતી મૂકીને પ્રચંડ પ્રજાકીય આંદોલન ઉપાડ્યું. એક તરફ તેમણે બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે પ્રજાકીય આંદોલન શરૂ કર્યું અને બીજી તરફ તેમણે રેટિયો, ખાદી, દારૂબંધી અને રાષ્ટ્રીય શિક્ષણ જેવા મઆધ્યમો દ્વારા પ્રજાને જાગૃત કરી લોકો સુધી પહોંચવા માટે તેમણે સાદી અને સીદી ગુજરાતી ભાષા અપનાવી તેના ખેડાણના પાયામાં તો ૧૮૪૮માં સ્થપાયેલ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી હતી તેથી જ ગાંધીજીએ દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યો અને ૧૯૧૬માં તેઓ પગપાળા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ભદ્ર વિસ્તારમાં આવેલી ઓફિસમાં ગયા અને તેના આજીવન સભ્ય બન્યા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ઉપર ગાંધીજીની વિચારસરણી ઊંડી છાપ પડે તે સ્વાભાવિક જ હતું. ગાંધીયુગ દરમિયાન ગણેશ વાસુદેવ માવલંકર, આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, કસ્તૂરભાઈ લાલભાઈ, વિદ્યાબેન નીલકંઠ, શારદાબેન મહેતા, હિરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ચંદ્રાકાન્ત છોટાલાલ ગાંધી, રસિકલાલ છોટાલાલ પરીખ અને ચીનુભાઈ ચીમનલાલ જેવા તેજસ્વી ઉદ્યોગપતિઓ, કેળવણીકારો અને રાષ્ટ્રવાદીઓની અસર પડે તે પણ ગાંધીયુગની જ બલિહારી હતી. રાષ્ટ્રીય આઝાદીની લડત ઉગ્ર બનતી ગઈ. જેને પરિણામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૯૪૬માં નવું અને ગૌરવવંતુ નામ ધારણ કર્યું “ગુજરાત વિદ્યાસભા”, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૯૦૮માં ૬૦ વર્ષ પૂરા કરતા તેનો હિરક મહોત્સવ ઉજવાયો હતો. આ સમારંભના પ્રમુખ તરીકે જાણીતા કોંગ્રેસ નેતા અને કેળવણીકાર અંબાલાલ સાકરલાલ દેસાઈ હતા. આ ઉપરાંત સોસાયટીનો શતાબ્દી મહોત્સવ (૧૯૪૮)માં શાનદાર રીતે ઉજવાયો હતો અને તેને માટે સ્વતંત્ર ભારતના લોકલાડીલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં ૧૯૪૬માં આ સોસાયટીએ ગુજરાત વિદ્યાસભા નામ ધારણ કર્યું તે અંગે અભિનંદન પાઠવ્યા હતા.

### ૧૧. સમાપન

ઉપરોક્ત ચર્ચા દ્વારા સ્પષ્ટ થાય છે કે પ્રગતિશીલ સંસ્થા સમાજપરિવર્તનની આધારશીલા છે. સંસ્થા સ્થાપન એક રચનાત્મક પ્રવૃત્તિ છે અને એની સ્થાપના માટે ચારિત્ર્યવાન અને ધ્યેયનિષ્ઠ કાર્યકરોની જરૂર પડે છે. આ સંસ્થાના સદ્‌નસીબે તેના સંસ્થાપકો અને કાર્યકર્તાઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા, તેથી જ આ સંસ્થાએ સમાજ સુધારણાના તમામ પાસાઓને આવરી લઈને સમગ્ર ગુજરાતની પ્રજાનો સર્વાંગી વિકાસ કર્યો હતો. શિક્ષણ, સાહિત્ય, કન્યા કેળવણી, વિદેશગમન, બાળલગ્ન, વિધવાવિવાહ તેમજ અંધશ્રદ્ધા તથા વહેમો જેવા તમામ ક્ષેત્રોમાં ‘ગુજરાત વિદ્યાસભા'એ યશસ્વી કામ કર્યું હતું.

આઝાદી પછી તો ગુજરાત વિદ્યાસભાએ માત્ર ગુજરાતને જ નહિ પરંતુ સમગ્ર ભારતને કેન્દ્રમાં રાખીને અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસાપી. ભો. જે. વિદ્યાભાવનના અધ્યક્ષ રસિકલાલ પરીખ નિવૃત્ત થતા (૧૯૬૮) તેમને સ્થાને

હરિપ્રસાદ શાસ્ત્રી જેવા નિષ્ઠાવાન વિદ્વાન તેના અધ્યક્ષ બન્યા અને સંસ્થા દ્વારા આ સમય દરમ્યાન નટમંડળની સ્થાપના કરી. જેના ફળસ્વરૂપે જયશંકર ભોજક (સુંદરી), જશવંત ઠાકર, ભારતીબેન સારાભાઈ અને દીનાબહેન ગાંધી (પાઠક) જેવા પ્રથમ પંક્તિના કલાકારોએ નાટ્યપ્રવૃત્તિઓને વિકસાવી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થાપના બાદ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી હતી. તેમના સહકારથી સ્થપાયેલ સંસ્થાઓ આજે અનેક પ્રવૃત્તિઓ કરી રહી છે. આજે તો ગુજરાતમાં વિવિધ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ છે. ગુજરાત વિદ્યાસભા આમાની એક છે. સમયના વહેણની સાથે ગુજરાત વિદ્યાસભા તાલ મીલાવીને આજે પણ શૈક્ષણિક, બૌદ્દિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. આ ગૌરવવંતી સંસ્થાએ સાહિત્ય, સમાજ અને જ્ઞાનના ક્ષેત્રોમાં અનેક સિદ્દિઓ મેળવી હતી. ગુજરાત વિદ્યાસભાએ અમદાવાદનું નવસર્જન કરવાના ભગીરથ પ્રયાસ કર્યા હતા.

આજની યુવા પેઢી માટે આ સંસ્થાનો અભ્યાસ પ્રેરણાદાયી છે. આવી અનેક સંસ્થાઓ માત્ર અમદાવાદ કે ગુજરાતમાં નહિ પણ સમગ્ર દેશમાં શિક્ષણ અને સામાજિક સુધારણા ક્ષેત્રે કામ કરી રહેલી કે કરી ચૂકેલી સંસ્થાઓનો ઈતિહાસ સંશોધન કરીને બહાર લાવવાની જરૂર છે કે જેના દ્વારા જનસમાજને સમાજ સેવા માટેની પ્રેરણા મળશે.

**સંદર્ભ**

૧. દેસાઈ, નીરા, ગુજરાતમાં ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તન, અમદાવાદ, ૧૯૯૮.
૨.દેસાઈ, અક્ષયકુમાર આર. "ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક પૃષ્ઠભૂમિ" (અમદાવાદ ૧૯૯૭) અને Rammanhor Lohia, Wheel of History, Hudrabad. 1995
૩. શાસ્ત્રી, હરિપ્રસાદ અને પ્રવિણચંદ્ર (સંપા.) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ- ૮, બ્રિટિશકાળ, અમદાવાદ, ૧૯૯૪.
૪. મગનલાલ વખતચંદ 'અમદાવાદનો ઈતિહાસ', અમદાવાદ, ૧૮૫૧,
૫. પારેખ, હિરાલાલ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ, ભાગ-૧, અમદાવાદ-૧૩.
૬. રાવલ, આર.એલ. ઓગણીસમી સદી દરમિયાન ગુજરાતમાં સામાજિક-ધાર્મિક સુધારણા ચળવળો, નવી દિલ્હી, 1927.
૭. જોટે, રત્નમણિરાવ ભીમરાવ 'ગુજરાતનું પાટનગર અમદાવાદ", અમદાવાદ, ૧૯૨૯.
૮. કાંટાવાળા હરગોવિંદદાસ "ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના હેતુ, તેના ઉપયોગ, તેના લાભ અને તેને મદદ કરવાની અગત્ય', અમદાવાદ, ૧૮૮૩.
૯. "બુદ્ધિપ્રકાશ" ફેબ્રુઆરી, ૧૮૭૮
૧૦. મહેતા, મકરંદ, "ગુજરાતના ઘડવૈયા, સ્વ-વિકાસની પ્રયોગશાળા", અમદાવાદ, ૨૦૦૭.
૧૧. રાજગોર, શિવપ્રસાદ "ગુજરાતનો કેળવણીનો ઈતિહાસ', અમદાવાદ, ૧૯૮૮,
૧૨. શંકરરાય, અમૃતરાય "અમદાવાદનો જીવન વિકાસ", અમદાવાદ, ૧૯૨૧,
૧૩. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો વાર્ષિક રિપોર્ટ, ઈ.સ. ૧૮૮૮,
૧૪. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખો અને ઓનરરી સેક્રેટરીઓની યાદી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી પ્રકાશન, અમદાવાદ-૧૯૩૫,
૧૫. બુદ્ધિપ્રકાશ, ફેબ્રુઆરી, ૧૯૪૯.

૧૬. વલ્લભજી, સુંદરજી પૂજાભાઈ, રાજનગરના રત્નો, અમદાવાદ, ૧૯૧૮,

૧૭. મહેતા, મકરંદ "ગુજરાતના ઘડવૈયા", અમદાવાદ.

૧૮. મૌર્ય, વંદના. ગુજરાત વિદ્યાસભા (૧૮૪૮-૧૯૪૮) એક સદીની વિકાસયાત્રા, અમદાવાદ, ૨૦૧૨.